ગુજરાતમિત્ર

આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!


મંગળવાર ૯ જાન્યુઆરી, ૨૦૨૪

**બોઇદરા ગામમાં મીઠા પીવાના પાણીનો પ્રશ્ન આજે પણ વણઉકેલ્યો, ગામમાં બોર કરવામાં આવે તો ૩૫૦૦થી ૪૦૦૦ TDS પથ્થર જેવું પાણી મળે છે, સુચારું આયોજન જરૂરી**

**ગામના યુવા દેવેન્દ્રસિંહ ડોડિયાએ સતત બે વખત ડેપ્યુટી સરપંચ તરીકે કાર્યરત રહી ૪ કરોડથી વધુનાં કામો કરાવ્યાં**

# ખડતલ અને ખુમારીનું ગામ એટલે અંકલેશ્વર તાલુકાનું

# બોઇદરા



ટાઉન ટોક

ઔદ્યોગિક નગરી અંકલેશ્વર તાલુકાથી પશ્ચિમ દિશામાં ૧૦ કિલોમીટરના અંતરે આવેલું ગામ એટલે બોઇદરા (આંબોલી). ખેતી, નોકરીના વ્યવસાય સાથે સંકળાયેલા આ ગામની અલગ જ વિશેષતા છે. આખું ગામ ખડતલ અને ખુમારીવાળું. ખેતી સહિત નોકરીના વ્યવસાય સંકળાયેલા લોકોને પોતાના ગામના કામ કરવા માટે તત્પર હોય છે. રાજપૂત, વસાવા, કડવા પાટીદાર, રાઠોડ, ઓડ, હરિજન, આહીરની વસતી ધરાવતા બોઈદરા ગામના લોકો આજેપણ પોતાની તાકાતથી આગળ પડતા છે. અંદાજે ૨૨૦૦ હજારની વસતી ધરાવતા ગામમાં તમામ લોકો પોતાના ગામને સુવિધાનો લાભ મળે એ ધ્યેય રાખતા હોય છે. બોઈદરા ગામથી નર્મદા પરિક્રમા રોજબરોજ પગદંડી આવતા હોય છે. જે માટે હાલમાં નવી પેઢીએ ગામમાં નાસ્તો, પાણી અને ભોજન આરોગવા માટે ખડેપગે રહેતા હોય છે. જેનાથી પરિક્રમાવાસીઓનાં છૂપાં આશીર્વાદ મળે એવી ભાવના રહે છે. ગામમાં સૌથી વિકટ પ્રશ્ન હોય તો વર્ષોથી પીવાના પાણીનો અભાવ છે. પાણી પુરવઠા વિભાગે લગભગ ૧૭ ગામ માટે કેનાલ આધારિત પાણી સ્ટોરેજ ઊભા કર્યા છે, જેમાં પંદર દિવસ પાણી બંધ થાય ત્યારે સ્ટોરેજ કેપેસિટી ઓછી હોવાથી આખરે બોઈદરા ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ગામમાં બોરમાંથી મળતું પાણી વધારે TDSને લઈને પીવું કપરું છે. આથી ગ્રામજનોનું કહેવું છે કે પીવાના પાણીનો ભવિષ્યમાં વહેલો ઉકેલ આવવો જોઈએ. એ માટે હાલમાં પ્રયાસો આદર્યા છે.

## નાનકડી ઉંમરે દેવેન્દ્રસિંહ ડોડિયા ગામમાં બે વખત ડેપ્યુટી સરપંચ રહ્યા



માદરે વતન માટેનો અનોખો પ્રેમ ૩૨ વર્ષીય માજી ડેપ્યુટી સરપંચ દેવેન્દ્રસિંહ દશરથસિંહ ડોડિયાના લોહીમાં છે. ભણીગણીને ગામના વિકાસની નેમ લેનારા દેવેન્દ્રસિંહને જનસેવામાં લગભગ ૧૨ વર્ષ થઇ ગયા. શિક્ષણ બાદ તેઓ એગ્રીકલ્ચર અને એક્વાકલ્ચર સાથે સંકળાયા હતા. વર્ષ-૨૦૧૧-૧૨ દેવેન્દ્રસિંહ ડોડિયાએ માત્ર ૨૧ વર્ષની ઉંમરે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પોતાની આખી પેનલ સાથે ઝંપલાવ્યું હતું. બાદ પણ સતત બે વખત આખી પેનલ વિજેતા થતાં બે વાર ડેપ્યુટી સરપંચ તરીકે નિર્વિવાદ બિનહરીફ વરણી થતાં જ વિકાસની જવાબદારી તેમના માથે આવી હતી. એ વખતે ગામમાં સંપૂર્ણ RCC રોડ, ગટરલાઇન, પેવર બ્લોક, સોલાર લાઇટ, ૧૦૦ જેટલી LED લાઇટ, હાઈમાર્ક્સના ૪ ટાવર, બે આંગણવાડીનું બાંધકામ, ગ્રામ પંચાયત ભવન, ગામમાં મુખ્ય મેદાન (માટીકામ પુરાણ કરીને), બાપા સીતારામ મઢુલી, ભાથીજી અને મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર સહિત પાંચ વર્ષ પહેલાં બોઈદરા ગામની પ્રાથમિક શાળા સ્માર્ટ સ્કૂલ બની. ATM RO પ્લાન્ટ, બે સમ્પ, ૪-હેડપંપ, PM આવાસ યોજના, ગામમાં સ્વચ્છતા સહિતનાં અનેક કામો કર્યાં હતાં. જેને લઈને બે વખતમાં લગભગ ૪ કરોડથી વધુનાં કામો ગામના આંગણે લાવ્યા હતા. જો કે, હજુ ઘણાં કામો નથી થયાં, એ માટે પ્લાનિંગ કરાઇ રહ્યું છે. વધુમાં ગામમાં વર્ષોથી પીવાનું મીઠું પાણી મળતું નથી. એ બાબતે થોડો રંજ છે. ગામમાં જો કોઈ બોરનું પાણી હોય તો ૩૫૦૦થી ૪૦૦૦ TDSનું પથ્થર જેવું પાણી મળે છે. જેનાથી પથરી સહિતના રોગને આવું પાણી આમંત્રણ આપે છે. જે માટે મીઠું મધૂરું પાણી ગ્રામજનોને મળ એ દિશામાં કામગીરી ચાલી રહી છે. બોઈદરા ગામને ગેસ આધારિત પાઈપલાઈન મળે એ પણ જરૂરી છે. આ બાબતે દેવેન્દ્રસિંહ ડોડિયા કહે છે કે, પોતાનું ગામડું રૂડું અને રૂપાળું હોય એ સ્વાભાવિક છે. અમે તો એવું ઈચ્છીએ છીએ કે ગામના કોઈપણ નાગરિકની સમસ્યાનો હલ એ ગામમાં જ થાય અને કોઈ ધક્કા ન ખાય. એ કરવા માટે અમે તત્પર છીએ.



## એક સદી પહેલાં ખપેડામાં ચાલતી પ્રાથમિક શાળા આજે હાઈટેક અને ટેક્નોલોજીયુક્ત છે



અંગ્રેજોના શાસનમાં પ્રાથમિક શાળા બોઈદરાની ૧૧૨ વર્ષ પહેલાં શરૂઆત કરવામાં આવી હતી. બોઈદરા પ્રાથમિક શાળાની તા.૧મી જૂન-૧૯૧૧માં શરૂઆત થઈ હતી. એ વેળા લીપણ અને ખપેડાવાળા સામાન્ય ઓરડામાં શિક્ષણ કાર્ય થતું હતું. દેશની આઝાદીનાં ૩૬ વર્ષ બાકી હતાં. ત્યારે ગામડાંના લોકોને શિક્ષિત કરવાનો અનોખો અભિગમ હતો. શરૂઆતમાં માંડ ઓછાં ધોરણો. કકો બારખડી અને એકડે એકથી આંકડા સમજાવવાના પ્રયાસ થતો હતો. જો કે, સમય સાથે ઘણું બદલાયું. બોઈદરા પ્રાથમિક શાળામાં આજે એક સદીથી વધુ સમય થતાં ધો.૧થી ૮ સુધીની પ્રાથમિક શાળાનો પ્રારંભ થયો. આજે ૧૦૮ વિદ્યાર્થી અભ્યાસ કરે છે અને અધર એક્ટિવિટીથી આ શાળા અગ્રેસર બની રહી છે. પ્રાથમિક શાળા બોઈદરા ગુણોત્સવમાં સતત સાત વર્ષથી A-ગ્રેડ આવે છે. પ્રાથમિક શાળા બોઈદરામાં વર્ષ-૨૦૧૫-૧૬ વખતે બાળકો હાઈટેક યુગમાં અભ્યાસ કરે એ માટે સ્માર્ટ શાળા પ્રોજેક્ટ આપવામાં આવ્યો હતો. જેને લઈને અદ્યતન ને લેપટોપ આધારિત ટેક્નોલોજીથી શિક્ષણ મળી રહ્યું છે. પ્રાથમિક શાળામાં ધો.૬થી ૮માં સુધીનાં બાળકો પ્રોજેક્ટરથી શૈક્ષણિક અભ્યાસ કરે છે. અને ધો.૧થી ૪માં LED TV દ્વારા અભ્યાસ થકી જ્ઞાનશક્તિનો વધારો થાય છે. બાળકોને સરકારના પ્રોજેક્ટથી વિવિધ લર્નિંગ મટિરિયલ દ્વારા પણ શિક્ષણ અપાય છે. શાળામાં જ્ઞાનકુંજ સાથે યોગા પણ કરાવાય છે. નાનાં બાળકોને શિક્ષણ સાથે ગમ્મત સહિતની પ્રવૃત્તિ પણ કરાવાય છે. બાળકોના સ્કીલ ડેવલપમેન્ટમાં વધારો થાય એ હેતુથી સહઅભ્યાસિક પ્રવૃત્તિ તેમજ જાહેર સ્થળોની મુલાકાત કરાવાય છે. પ્રાથમિક શાળા બોઈદરામાં ૬ જણાના સ્ટાફમાં પણ બાળકોને શિક્ષણ જ્ઞાન મળે એ માટે પ્રવૃત્તિમય રહે છે. આજે પણ રાજ્ય કક્ષા દ્વારા લેવાતી શિષ્યવૃત્તિની એક્ઝામ, ચિત્રકામ એક્ઝામ સહિતની અન્ય એક્ઝામમાં ભાગ લેવા માટે બાળકોને પ્રોત્સાહિત કરાય છે. આ પ્રાથમિક શાળાનાં બાળકો અગાઉ વિજ્ઞાનમેળામાં જિલ્લામાં તેમજ કલાઉત્સવમાં તાલુકામાં અગ્રેસર રહ્યા હતા. હાલમાં પણ જ્ઞાનસાધનામાં આ શાળાની વિદ્યાર્થિની મીનલ વિજેતા થતાં સતત ત્રણ વર્ષ (દર વર્ષે) રૂ.૫૦૦૦ની મુખ્યમંત્રી સ્કોલરશીપ મળશે. વિશેષતા એ છે કે, આ પ્રાથમિક શાળામાં ૩ વર્ષનાં બાળકો માટે બાલવાટિકા ચલાવાય છે, જેમાં અભિનય ગીત પર પ્રવૃત્તિ કરાવીને નવો ટ્રેન્ડ શરૂ કરાયો છે. આ પ્રાથમિક શાળામાં લગભગ ૫૦૦૦ પુસ્તક ધરાવતું પુસ્તકાલય પણ ચાલે છે, જેમાં બાળકોને રુચિ આધારિત પુસ્તકો વાંચન માટે અપાય છે. આ શાળામાં આજે પણ સ્થાનિક લેવલે બાળકોની ધગશ વધતાં બાળમેળો, વિજ્ઞાનમેળો, દિન વિશેષ સહિત તહેવારોને ઉજવણી થાય છે. શાળામાં ખાસ કરીને બાળકોને શિક્ષણ સાથે વ્યક્તિગત સ્વચ્છતા, પર્યાવરણની જાળવણી માટે જાગૃતતા, વ્યસનમુક્તિ, જાતીય સતામણી અંગે સભાનતા તેમજ કિશોરી ઉત્કર્ષ જેવા મુદ્દા પર ચર્ચા થાય છે. શાળામાં દર મહિને વાલી મિટિંગનું આયોજન કરી વાલીઓને બાળકોનાં શિક્ષણ અંગે માહિતી તેમજ ટકોર કરાય છે. પ્રાથામિક શાળાના મુખ્ય શિક્ષક ૫૬ વર્ષીય દિલીપસિંહ ધીરજસિંહ ખેર કહે છે કે, બોઈદરા ગામમાં પ્રાથમિક શાળામાં નવતર પ્રયાસ કરીએ છીએ. ખાસ કરીને આ ગામનું કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય એ માટે અમે મક્કમ છીએ.





## ગામનાં નવાં કામો કરવા તત્પર રહેતા બળવંતસિંહ રાજ



બોઇદરા ગામમાં ૪૯ વર્ષના બળવંતસિંહ ફતેસિંહ રાજ અલગ માનવી છે. ગામમાં કોઈપણ કામ હોય ત્યારે તેઓ તત્પર રહે છે. તેમણે પ્રાથમિક શિક્ષણ બોઈદરાના આંગણે મેળવ્યું. માધ્યમિક શિક્ષણ અને કોલેજનો અભ્યાસ અંકલેશ્વરમાં કર્યો હતો. બીકોમના અભ્યાસ બાદ બોઈદરા ગામમાં પોતાની જમીનમાં ખેતી કરે છે. બોઈદરા ગામમાં સમાજ તેમજ અન્ય સમાજ માટે કોઈપણ કામ માટે તેઓ તત્પર રહે છે. પોતાના ગામમાં જે વિકાસનાં કામો થયા એમાં ભૂમિકા અજમાવી છે. બોઈદરા ગામમાં સ્વચ્છતાની કામગીરીમાં પણ તેમણે સારી ભૂમિકા ભજવી હતી. એ માટે બળવંતસિંહ રાજ કહે છે કે, બોઈદરા ગામમાં નવાં કામો કરવા અને સંગઠિત રહેવું એ જ અમારો ધ્યેય છે. જો આ બંને કાર્ય ન થાય તો અમારું ગામ પાછળ રહી જાય. એ માટે અમે વિકાસનાં કામો માટે હરહંમેશ તત્પર રહીએ છીએ.